### એમ.એસ. યુનિ.માં વિદ્યાર્થીઓ સાથે કેન્દ્રીય કૌશલ્ય વિકાસ, સૂચના પ્રાદ્યોગિકી રાજ્ય મંત્રીનો સંવાદ

# 3 વર્ષમાં ડિજિટલ ઈકોનોમીથી 10 કરોડથી પણ વધુ યુવાઓને નોકરી મળી શકશે તેવો અંદાજ

**નવગુજરાત સમય** > ગાંધીનગર

આગામી એક જ વર્ષમાં ભારતની ડિજિટલ ઈકોનોમી એક ટ્રિલિયન ડોલરને આંબી જશે. ભારતને પાંચ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી બનાવવાના સંકલ્પમાં આ ડિજિટલ ઈકોનોમીનો હિસ્સો ૨૫ ટકા જેટલો હશે. આગામી ત્રણ વર્ષના સમયમાં આ ડિજિટલ ઈકોનોમીમાં ૧૦ કરોડ યુવાનોને નોકરી મળશે, એવું પણ આકલન કરવામાં આવી રહ્યું છે એમ કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને સૂચના પ્રાદ્યોગિકી રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રેશખરે જણાવ્યું હતું. મહારાજ સયાજી રાવ યુનિવર્સિટી ખાતે સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ ઈનોવેશન અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા શરૂ કરવામાં આવેલા વિવિધ સ્ટાર્ટઅપની પ્રદર્શનીમાં પહોંચી તેમણે તેના વિશે જીણવટભરી માહિતી મેળવી હતી અને બાદમાં આ ઈનોવેટર્સ સાથે સંવાદ સાધ્યો હતો.



તેમણે જણાવ્યું કે, ગુજરાતમાં વિવિધ ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ શરૂ કરવાની વિપુલ તકો રહેલી છે. સેમિ કન્ડક્ટર, સ્પેસ, મટિરિયલ્સ, ડ્રોન, એઆઈ, રિન્યુએબલ એનર્જી અને ઈલેક્ટ્રોનિક્સ કેટેગરીમાં સ્ટાર્ટઅપની વ્યાપક તકો રહેલી છે. છેલ્લા બે વર્ષ દરમિયાન દેશમાં એક સો યુનિકોર્ન એવો છે કે, જેમની વેલ્યુ રૂ. ૮૦ હજાર કરોડ જેટલી થવા જાય છે.

આ બાબત જ દર્શાવે છે કે, ભારત સ્ટાર્ટઅપ થકી અર્થતંત્રમાં ઉભરી રહ્યું છે. આગામી દસ વર્ષમાં ભારત વિશ્વની ટેક્નોલોજીક જરૂરિયાતોને સંતોષશે, એ પ્રકારે કામ થઈ રહ્યું છે. દેશની યુવાશક્તિ વિશ્વને મહાત આપી રહી છે અને દુનિયાની સારી સારી કંપનીઓને પણ ભારતીય યુવાનો હંફાવી રહ્યા છે. કેન્દ્રીય રાજ્ય મંત્રી ચંદ્રશેખરે કહ્યું હતું કે, ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સની ૨૦૧૬માં રચના કરવામાં આવી છે.

### 10 વર્ષ ન્યૂ ઇન્ડિયા ફોર યન્ગ ઇન્ડિયા સૂત્ર સાકાર થશે

કેન્દ્રિય મંત્રી રાજીવ ચંદ્રશેખરે વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધતા જણાવ્યું કે, મેઇક ઇન ઇન્ડિયા, સ્કિલ ઇન્ડિયા અને ડિજિટલ ઇન્ડિયાના પાયા ઉપર નવા ભારતનું નિર્માણ થઇ રહ્યું અને દેશ આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યો છે. આગામી ૧૦ વર્ષ ન્યુ ઇન્ડિયા ફોર યન્ગ ઇન્ડિયાના સૂત્રને સરકાર યુવાશક્તિ સાથે મળીને સાકાર કરશે, ભારતમાં ટેક્નોલોજી અને કૌશલ્ય વિકાસ ક્ષેત્રમાં રહેલી વિશાળ તકોમાં દેશમાં ટેકેડ ઓફ ઓપોર્ચ્યુનિટી સર્જશે.

### દેશમાં સ્ટાર્ટઅપ પર્ફોમન્સ રેન્કિંગમાં ગુજરાત નંબર વન

ઉચ્ચ શિક્ષણ રાજ્ય મંત્રી કુબેરભાઇ ડિંડોરે જણાવ્યું કે, ગુજરાત છેલ્લા બે વર્ષમાં સમગ્ર દેશમાં સ્ટાર્ટઅપ પર્ફોમન્સ રેન્કિંગમાં નંબર વન ઉપર રહ્યું છે. ભારત સરકાર દ્વારા ગુજરાતને શ્રેષ્ઠ પ્રદર્શન માટે બેસ્ટ પર્ફોમન્સ સ્ટેટનો એવોર્ડ પણ આપવામાં આવ્યો છે. આજનો યુવાન સમાજને મદદરૂપ થવા સ્ટાર્ટઅપ ક્ષેત્રમાં નવા નવા ઇનોવેશન કરી રહ્યો છે. જે ભારત અને ગુજરાત માટે ગૌરવની વાત છે.